# મત મેળવવા યોજાતા રાજકીય તાયફા કોરોનાને નોતરૂ તો નથી આપતા..?!

કોરોના ઘટ્યો છે ચોક્કસ... પણ ગયો નથી ! રાજ્યમાં કોરોનાના કેસ ઓછા જરૂર થયા છે, પરંતુ રાજ્ય 'કોરોનામુક્ત' થયું નથી... સામાન્ય માણસ જાહેરમાં શંકા વ્યક્ત કરે છે કે સરકારને ચૂંટણી યોજાવી છે એટલે કેસ ઓછા બતાવે છે કે વાસ્તવમાં ઓછા છે..?! એ તો સમય જ કહેશે..! પરંતુ અમદાવાદ મેડિકલ એસોશિએસનના પ્રમુખ ડૉ. મોના દેસાઈ તો જાહેર નિવેદનમાં કહે છે કે ચૂંટણીના મેળાવડાઓ દિવાળીથી ઓછા જોખમી નથી... દિવાળી બાદ બે મહિના સુધી ગુજરાતે જે ભોગવ્યુ છે એ ક્યારેય ભુલી શકાય એમ નથી. સામાન્ય શબ્દોમાં કહીએ તો દિવાળીની ઉજવણીની સજા ગુજરાતે ભોગવવી પડી છે અને સમજદારી એને ગણીએ છીએ કે જે ભુતકાળમાંથી કંઈક શીખે... એક વખત ઠોકર વાગી હોય તો ત્યા સાચવીને પગ મુકવાનું વડિલો શીખવતા હતાં અને શીખવે છે, પરંતુ છેલ્લા અઠવાડિયાથી જે દશ્યો જે રાજકીય તાયફા નજર સામે આવી રહ્યા છે તે ચિંતા ઉપજાવે છે.

**સીધી ને સટ...**

ભાજપ હોય કે કોંગ્રેસ ચૂંટણી આવે એટલે ગાંડા થઈ જાય છે. સત્તાનો જોર ચડી જાય છે ભાજપને વધારે... કોંગ્રેસને થોડો..! બિચારી પોલીસ... બિચારા અધિકારીઓ નિયમોના થોથાઓને અભેરાઈએ ચડાવે છે. સભાઓ, સરઘસો, રેલીઓ, ભોજન સમારંભો પુરબહાર ખીલ્યા છે..! સામાન્ય માણસને લગ્ન માટે ૨૦૦ વ્યક્તિની મંજુરી મળે અને રાજકીય તાયફામાં કોઈ મર્યાદા નહી..! શું સંદેશો આપવા માંગે છે..?! પ્રજાને શું શુખવાડવું છે..?! કે નિયમો ના પાળે તે નેતા થઈ શકે..! નિતિ નિયમોના ઉલાળીયા કરે તે જ શાસન કરી શકે... જે ધરતીની માટીમાંથી જન્મેલા યુગ પુરૂષ મોહન કરમચંદ ગાંધી એની આત્મકથાના આમુખમાં લખે છે કે "મારૂ જીવન એ જ મારો સંદેશ" અને એજ ગાંધીની તસ્વીર. નીચે શાસન ચલાવવાના અભરખાવાળા વૈતિયા નેતાઓ નિતિ નિયમોના લીરેલીરા ઉડાડીને સત્તાની સીડી ચડવા તલપાપડ બન્યા છે. ત્યારે કહેવું પડશે 'થોડી જાત સાથે વાત કરો... થોડી ધીરજ રાખો, કોરોનાકાળના નિયમો પર નજર નાંખો... કોઈના જીવનને જોખમમાં મુકવાના પાપથી દૂર રહો અને તમારા જ મુખ્યમંત્રીની અપીલને માન આપો. અરે..! તમારી જાતને તો સાચવતા શીખો. ભગવાન ખાતર થોડા માપમાં રહો અને માપમાં

● અનુસંધાન પાન-૭ પર

**વેચવાની છે**

ઈન્ડસઈન્ડ બેંક દ્વારા કબ્જો લીધેલ અશોક લેલેન્ડ ૨૫૧૮ ટીપર-BS4-2018 MP-21-H-1591

**ઈન્ડસઈન્ડ બેંક લી.**

૪૦૫/૪૦૬, અરીસ્ટ બિઝનેશ સ્પેશ, સીંધુભવન રોડ, અમદાવાદ.

મો. ૭૦૪૩૪૪૨૭૯૫

**વેચવાની છે**

ઈન્ડસઈન્ડ બેંક દ્વારા કબ્જો લીધેલ અશોક લેલેન્ડ ૨૫૧૮ ટીપર-BS4-2018 MP-21-H-1590

**ઈન્ડસઈન્ડ બેંક લી.**

૪૦૫/૪૦૬, અરીસ્ટ બિઝનેશ સ્પેશ, સીંધુભવન રોડ, અમદાવાદ.

મો. ૭૦૪૩૪૪૨૭૯૫

# જિલ્લા પંચાયતમાં ૧૩૯ ઉમેદવારોએ ઝુકાવ્યુ





ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે કુલ ૧૩૯ ઉમેદવારો નોંધાયા છે. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મુખ્યત્વે બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે તેવુ મનાઈ રહ્યુ છે.

આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ હતો. જોકે આ ચૂંટણીમાં કોંગ્રેસનો આંતરક્લહ ચરમસીમાએ જોવા મળ્યો છે. આ ચૂંટણીમાં આપ આદમી પાર્ટીએ પણ કેટલીક બેઠકો પર દેખા દીધી છે.

જિલ્લા પંચાયતની ૨૮ બેઠકોમાં સૌથી વધુ ઉમેદવારો દહેગામ તાલુકામાં નોંધાયા છે. દહેગામ તાલુકાની ૭ બેઠકો માટે ૪૧ ઉમેદવારીપત્રો ભરાયા છે. આ પછી માણસાની ૭ બેઠકો માટે ૩૯ ઉમેદવારો નોંધાયા છે. ગાંધીનગરની ૮ બેઠક માટે ૩૨ ઉમેદવારોએ મેદાનમાં ઝુકાવ્યુ છે. કલોલની ૬ બેઠકો પર ૨૭ ઉમેદવારોએ ઝુકાવ્યુ છે.

આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હતો પરંતુ કોંગ્રેસ પક્ષ દ્વારા હજુ સુધી તેના ઉમેદવારોની જાહેરાત થઈ શકી નથી. જિલ્લામાં જિલ્લા પંચાયતના નવા સીમાંકન પ્રમાણે ચૂંટણી યોજાઈ રહી છે પણ જેટલી ઉત્તેજના દેખાતી હતી તેટલા ઉમેદવારીપત્રો ભરાયા નથી.

હવે સોમવારે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે. મંગળવારે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે એટલે ચિત્ર મંગળવારે સ્પષ્ટ થશે પણ આ વખતનો જંગ ભાજપ અનો કોંગ્રેસ વચ્ચે સીધો રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

# જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પોતે જ કડજોદરા બેઠક પર ઉમેદવાર બન્યા

### કડજોદરાના સ્થાનિક કાર્યકરોમાં અસંતોષનો ગણગણાટ ઉમેદવારી કરવા પાછળનું રહસ્ય અકબંધ રહ્યુ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી તેમના વતન પેથાપુરને છોડી દહેગામમાં કડજોદરા બેઠક માટે ઉમેદવારી નોંધાવતાં કોંગ્રેસના પાયાના કાર્યકરોમાં અસંતોષની લાગણી ઉભી થવા પામી છે.

સૂર્યસિંહ ડાભીને કડજોદરાથી ઉમેદવાર બનાવવાના નિર્ણય પાછળ કોંગ્રેસની નેતાગીરીનું કયુ ગણિત છે તે હજુ સુધી કોઈના મગજમાં ઉતરતુ નથી પરંતુ સૂર્યસિંહ ડાભીમાં પડેલી સત્તાલાલસાએ તેમને ઉમેદવારી માટે મજબુર કર્યા હોવાનું કાર્યકરો ખાનગીમાં ચર્ચાઓ કરી રહ્યા છે.

કડજોદરા બેઠક કોંગ્રેસ માટે ગઢ ગણાય છે પણ અહિ જે રીતે કાર્યકરોની અવગણના કરી અને આયાતી ઉમેદવારને મેદાનમાં ઉતારવામાં આવતાં કાર્યકરોની લાગણીને ઠેસ પહોંચી છે. જિલ્લા પંચાયતની ચૂંટણી સૂર્યસિંહ ડાભી પહેલીવાર લડી રહ્યા છે તેઓ સંગઠ્ઠનથી જાણકાર જરૂર છે પણ ત્યાંના પ્રશ્નો અને સામાજિક સમીકરણો સમજવામાં છેલ્લા કેટલાક દિવસોથી વ્યસ્ત હતા અને

● અનુસંધાન પાન-૭ પર

# છાલાના ઉમેદવારની પસંદગી સામે જશુભાનું રાજીનામું

### જિલ્લા પંચાયત અને જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જશુભાના રાજીનામાથી કોંગ્રેસમાં હડકંપ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસના ટોચના અગ્રણી જશુભા રાણાએ કોંગ્રેસ પક્ષના ઉમેદવારોની પસંદગીને લઈ કોંગ્રેસ છોડવાની જાહેરાત કરતાં જિલ્લાના કોંગી કાર્યકરોમાં સોંપો પડી જવા પામ્યો છે.

જશુભા રાણાએ ગઈકાલે મોડી રાત્રે કોંગ્રેસ છોડવાનો નિર્ણય જાહેર કર્યો હતો. રાણાએ તેમના નિવેદનમાં પણ કાર્યકરો અને પક્ષના મોવડીઓએ તેમના માટે જે આદર-સન્માન બતાવ્યુ છે તે માટે આભાર માન્યો છે. છાલા બેઠક પર ઉમેદવારની પસંદગીને લઈ તેઓ નારાજ થયા છે.



જિલ્લા પંચાયતમાં શિક્ષણસમિતિના ચેરમેન પદ અને જિલ્લા પંચાયતમાં પ્રમુખપદ શોભાવ્યા બાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે પણ જવાબદારી નિભાવી હતી. તેઓની સંગઠ્ઠન શક્તિને જાણી તેમણે પ્રદેશકક્ષાએ પણ મહામંત્રી તરીકે સેવાઓ આપી હતી.

જિલ્લાની પૂર્વપટ્ટીમાં કાસમબાપુ પછી કોંગ્રેસના દિગ્ગજ નેતા તરીકેની તેમની છાપ હતી. તેમણે ઉમેદવારની પસંદગી ખાસ કરીને છાલાની જનરલ બેઠક પર જે રીતે કરવામાં આવી છે તેનાથી નારાજ થઈને પક્ષ છોડવાનો નિર્ણય લીધો હોવાનુ તેમના રાજીનામાના પત્રમાં ઉલ્લેખ કર્યો છે.

તેમણે પક્ષ છોડવાનો કરેલો નિર્ણય મોડી રાત્રે લીધો અને જાહેર કર્યો ત્યારથી તે ફટાફટ કાર્યકરોને જેમ જેમ ખબર પડી ત્યારે સૌ ચોંકી ઉઠ્યા હતા. પંચાયતી રાજમાં તેમની આગવી ઓળખ હતી અને 'ભા'ના હુલામણા નામથી સૌ તેમને સન્માનપૂર્વક બોલાવતા હતા.

**Dr. Devi B. Gajjar** M.S. (E.N.T.)
Consultant, Ear, Nose & Throat. Head & Neck Surgeon
Phone : 94095 83530 | e-mail : devisuthar3@gmail.com

**EMERGENCY 24 HRS.**

**વિવિધ ઓપરેશનની મોર્ડન ટેકનોલોજી સાથેની સુવિધાઓ**

- કાન માટેના દરેક ઓપરેશનની આધુનિક માઈક્રોસ્કોપ દ્વારા અપાતી સારવાર.
- નાકના મસા/સાયનસની શરદી માટે થતા ઓપરેશન, એન્ડોસ્કોપીક સાયનસ સર્જરી માટે આધુનિક એન્ડોસ્કોપ અને કેમેરા ઉપલબ્ધ.
- નાસૂરના ઓપરેશન માટે એન્ડોસ્કોપ (દૂરબીન) તથા ટાંકા વગરના ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ.
- કાકડા તથા નાકના પાછળના મસા માટે આધુનિક પધ્ધતિ તેમજ દુ:ખાવો ના થાય તેવા મશીન (Coblator) ની સુવિધા ઉપલબ્ધ.
- થાયરોઈડના ઓપરેશન, ગળાની ગાંઠો (કંઠમાળ)ના ઓપરેશન, લાળ ગ્રંથિની ગાંઠોના ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ.
- દૂરબીન વડે સ્વરપેટી, અન્નનળી તેમજ ગળાના રોગોના નિદાનની સુવિધા ઉપલબ્ધ.
- જડબાના રોગો (જેમ કે જડબાની ગાંઠ), જડબાના ફ્રેક્ચર, નાકના હાડકાનું ફ્રેક્ચર તેમજ ચહેરાના અન્ય હાડકાનાં ફ્રેક્ચરની સારવાર ઉપલબ્ધ.
- મોઢાના કેન્સર, ગળાના અન્ય તેમજ ચહેરાના કેન્સરનું નિદાન અને સારવાર ઉપલબ્ધ.

**Dr. Mahesh Suthar** M.S. (E.N.T.), DLO
Senior Consultant, Ear, Nose & Throat. Head & Neck Surgeon
C/o MADHUR HOSPITAL, Doctor House, IDAR (S.K.)
Phone : 98253 23353 | e-mail : vraj.idr@gmail.com
Timing : Saturday, 5.00 pm to 8.00 pm. By Appointment Only

**Hi Tech HOSPITAL**
Multy Speciality Hospital
Plot : 1180, GH-Road, Sector - 3D, Gandhinagar.
Ph. : 079-232 40555. hitech.hospital2008@gmail.com

PARAM 079-23243644

UPASANA INFRAPROJECT PVT. LTD.

SHREEDHAR BHAKTI

Experience An Elite Lifestyle



3 BHK Flats & Shops

FP NO. 37/1, Sub Plot No. 2,
Nr. Swaminarayan Dham, Kudasan, Gandhinagar.

RERA No. : PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Other/MAA07091/030620
www.gujrera.gujarat.gov.in

Alpesh Patel
97236 71067 / 81601 47020

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com